ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/ ૯૮૪૧-૭૦

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૨૩/૦૯/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

ગુજરાત રાજ્ય.

વિષય:- COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને પ્રવેશથી વંચિત રહેલ ધોરણ-૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીને મળેલ રજૂઆત અનુસાર રાજ્યમાં COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે અમુક લોકો સ્થળાંતર કરી રહ્યા છે. તેથી હજુ કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવવાથી વંચિત રહેલ છે. COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે પ્રવેશથી વંચિત રહી ગયેલ ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને કઈ તારીખ સુધી શાળામાં પ્રવેશ આપવો તે અંગે માર્ગદર્શક સૂચના જાહેર કરવા અત્રેની કચેરીને વિનંતી કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પૂરક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પણ ધોરણ-૧૧માં પ્રવેશ મેળવવાનો થાય છે.

ઉક્ત વિગતે COVID-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ-૨૦૨૦/૨૧ માટે ધોરણ-૯ થી ૧૨માં પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓને શાળામાં તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી પ્રવેશ આપી શકાશે. ત્યારબાદ તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે. આ અંગેની વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારુ મોકલી આપશો.

સંયુક્ત નિયામક

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

શાળાને જાણ કરો.

૧૩૨૮

23/09/2020

Scanned by CamScanner

ક્રમાંકઃ-મા.વિ.-૩/પરિપત્ર/૨૦૨૦/૨૧૫૬૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા,પાલનપુર
તા.૨૮/૯/૨૦૨૦

૨/- ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૮૪૧-૭૫,તા.૨૩/૯/૨૦૨૦ ના પત્ર અન્વયે જાણ તથા ઉપરોકત વિગતે અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી(તમામ),
સરકારી/બિનસરકારી/નોન ગ્રાન્ટેડ,માધ્ય.અને ઉ.મા.શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner